**કાર્યપાલક ઈજનેર**

**સુરત મહાનગરપાલિકા**
**નવો પૂર્વ(સરથાણા)ઝોન**

સંકલ્પ રેસીડેન્સીની બાજુમાં, શ્યામધામ મંદિર ચાર રસ્તા પાછળ, સરથાણા, સુરત – ૩૯૫૦૧૩.

નં. ઈ.ઝેડ.બી/ઈજનેરી/આઉટ/નં.૭૩૨
તા.૪/ ૨/૨૦૨૬

પ્રતિ,

વિષય :– નવો પૂર્વ(સરથાણા)ઝોનમાં સમાવિષ્ટ નાનાવરાછા, સરથાણા તેમજ નવા સમાવિષ્ટ ગામોમાં (દક્ષિણ તરફ) વરસાદી જાળિયાને કલર કામ તથા નોટેશન કરવાનું કામ.

સંદર્ભ :– સ્થાયી સમિતિ ઠરાવ નં.૭૯૩/૨૦૨૫, તા.૧૯/૦૪/૨૦૨૫ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતે.

નવો પૂર્વ(સરથાણા)ઝોનમાં સમાવિષ્ટ નાનાવરાછા, સરથાણા તેમજ નવા સમાવિષ્ટ ગામોમાં (દક્ષિણ તરફ) પ્રિમોન્સુનની કામગીરી અંતર્ગત વરસાદી જાળીયાને ઉપરથી બરાબર સાફસફાઈ કરી પીળા કલર અને નોટેશનને લાલ રંગનો ઓઈલ પેઈન્ટ (ઓઈલ પેઈન્ટ બ્રાન્ડ– નેરોલેક / બર્જર / એશિયન / આઈસીઆઈ ડીલક્ષ) ખરીદી તેમજ મજુરી કામ કરીને વરસાદી જાળીયાને રંગ કામ કરવા અંગે સ્થાયી સમિતિ ઠરાવ નં.૭૯૩/૨૦૨૫, તા.૧૯/૦૪/૨૦૨૫ થી યુનિટ રેઈટ મંજુર થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

**<u>પરિશિષ્ટ–(અ)</u>**

| અ.નં. | કામની વિગત | ભાવ પ્રતિ નંગ રૂ. |
|---|---|---|
| ૧. | વરસાદી જાળિયાને (Inlet Chamber) પ્રાઈમર કોટ મારી એનેમલ પેઈન્ટથી ડબલ કોટ માં કલર કામ કરવા તથા નજીકના કાયમી સ્ટ્રકચર નોટેશન કરવા બાબત | |
| | સાઈઝ : ૯૦૦ મી.મી. × ૭૫૦ મી.મી. | ૫૦/– |
| | સાઈઝ : ૭૫૦ મી.મી. × ૬૦૦ મી.મી. | ૩૫/– |

ઉપરોકત કામે સ્થાયી સમિતિ ઠરાવ નં.૭૯૩/૨૦૨૫, તા.૧૯/૦૪/૨૦૨૫ થી મંજુર થયેલ યુનિટ રેઈટના ભાવે અને શરતે, નવો પૂર્વ(સરથાણા)ઝોનમાં સમાવિષ્ટ મોટાવરાછા, ઉત્રાણ તેમજ નવા સમાવિષ્ટ ગામોમાં (ઉત્તર તરફ) અંદાજે ૪૯૦૦ નંગ વરસાદી જાળિયાને કલરકામ કરવા માટે રૂ.૪,૯૭,૫૦૦/– ના ખર્ચે સદર કામગીરી કરાવવામાં આવનાર છે. જો આપશ્રી આ કામગીરી કરવા સંમત હોય તો આપની લેખિત સંમતિ સાથે (૧) બાનાની રકમ રૂ.૫,૦૦૦/– (અંકે પાંચ હજાર રૂપિયા પુરા) ફકત કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરત સ્થિત રાષ્ટ્રીયકૃત બેંકના ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડર સહિત (૨) E2 કલાસ કે તેથી ઉપરનું રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ (પ્રમાણિત નકલ) તથા (૩) અનુભવ અંગેના વર્કઓર્ડર / પ્રમાણપત્ર (પ્રમાણિત નકલ) તા.૧૧/૦૨/૨૦૨૬ સુધીમાં નીચે સહી કરનારને મોકલી આપવા પ્રબંધ કરશો. મુદત વિત્યા બાદની લેખિત સંમતિ ને ધ્યાને લેવામાં આવશે નહી.જેની નોંધ લેશો.

કાર્યપાલક ઈજનેર,
નવો પૂર્વ (સરથાણા)ઝોન
સુરત મહાનગરપાલિકા.